જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૨/૨૦૧૬ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી ૩૦૭ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન, ૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૭૭/૧૬**

**રાણીપઃ** નિષાબહેન નટવરભાઈ ઠાકોર (ઉ.વ.૧૫) (રહે.નવાપરા ઠાકોરવાસ ચામુંડા માતાના મંદિર પાસે રાણીપ) ને તા.૪/૨/૧૬ બપોરના ૪/30 વાગ્યાના સુમારે રાણીપ શાક માર્કેટ દેવાંશી બ્યુટી પાર્લર નજીકથી આરોપી દિક્ષીત પટેલ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ નિષાબહેનના પિતા નટવરભાઈ ઠાકોરે તા.૮/૨/૧૬ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી વી બી પટેલ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૭૮/૧૬**

**વાડજઃ** મહેશભાઈ ધીરજલાલ પટેલ (રહે.ચંદ્રભાગા સોસાયટી સ્વામિનારાયણ મંદિરની પાછળ રંગ અવધુતની સામે નવા વાડજ) એ તા.૬/૨/૧૬ સાંજના ૬/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની મારૂતિ સુઝુકી ઈક્કો ગાદી નંબર જીજે ૧ ડીયુ ૯૧૦૪ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૭/૨/૧૬ કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મહેશભાઈ પટેલે વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી વી જી રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૭૯/૧૬**

**રિવરફ્રંટ વેસ્ટઃ** કિશોરભાઈ ત્રિભોવનદાસ મિસ્ત્રી (ઉ.વ.૫૬) (રહે.સુવર્ણા એપાર્ટમેન્ટ પુર્ણ પરષોત્તમનગર સોસાયટી નિર્ણયનગર રોડ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૮/૨/૧૬ બપોરના ૧/૫૦ વાગ્યા પહેલા ગાંધીબ્રીજ નીચે રિવરફ્રંટ નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી હસમુખભાઈ મગનભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)